


# કોવીડ -૧૯થી રક્ષણ મેળવો

કોરોનાવાયરસની કોઇને પણ અસર થઇ શકે છે. કોવીડ-૧૯ વૅક્સિન (રસી) આ રોગથી તમારું રક્ષણ કરવામાં તમને મદદ કરશે અને તમારા ગંભીર રીતે બીમાર થઇ જવાના જોખમને ઓછું કરશે.

આ રહી કેટલીક બાબતો જે તમારે જાણવી જરૂરી છે:

- તમામ રસીઓની માફક, કોવીડ-૧૯ માટેની રસીઓ તમારા શરીરને આ વાયરસ સામે લડવાનું શીખવે છે. તેમનાથી તમને કોરોનાવાયરસ લાગી શકતો નથી અને આ રસીનાં અંગભૂત ઘટકો / તત્વો થોડાક દિવસોમાં તમારા શરીરમાંથી દૂર થઇ જતા હોય છે.

- **આ રસીઓ સલામત છે, ટેસ્ટ અર્થાત પરીક્ષણ કરાયેલી છે અને તેઓ કામ આપે છે:** તેમનું બીજી રસીઓ અને દવાઓની માફક જ પરીક્ષણ કરવામાં આવ્યું છે, જેણે એવું બતાવ્યું છે કે તેઓ સલામત છે અને કોવીડ-૧૯ ની અસરો સામે ઘણાં ઉચ્ચ પ્રમાણોનું રક્ષણ પૂરું પાડે છે.

- આ બેઉ રસીઓમાં કોઇ પ્રાણી કે ભ્રૂણ (ગર્ભ) સંબંધી તત્વો નથી અને આ રસીઓ તમારા DNA (આનુવંશિક શારીરિક ઘટકો)ને બદલી નાંખતી નથી.

- આ રસીઓને મુસ્લિમ આગેવાનો દ્વારા હલાલ હોવા તરીકે મંજુર કરવામાં આવી છે અને ખ્રિસ્તી, હિન્દુ અને યહૂદી ધર્મના આગેવાનોએ પણ આ રસીઓને માન્યતા આપી છે. ઈસ્લામિક વિદ્વાનોએ એ બાબત પણ સ્પષ્ટતા કરી છે કે તેમનાથી રોઝો તૂટી જતો નથી એટલે તમે રમઝાન દરમિયાન પણ હજી તમારી રસી મુકાવી શકો છો.

- આ રસીઓ માત્ર NHS (નેશનલ હેલ્થ સર્વિસ) પાસેથી જ ઉપલબ્ધ છે અને તે મફત હોય છે. તેઓ લોકોને તેમની ઉમરના ક્રમમાં અથવા જેઓ કોઇ એવી બીમારીઓ ધરાવતા હોય જેના કારણે તેમને કોવીડ-૧૯નું વિશેષ જોખમ હોય છે તેવા લોકોને આપવામાં આવી રહી છે.

- જ્યારે તમારો વારો આવશે ત્યારે NHS (નેશનલ હેલ્થ સર્વિસ) તમારો સંપર્ક કરશે - તમારા જીપીની સર્જરી તમારો સંપર્ક કરશે અથવા તમને NHS નેશનલ બુકીંગ સર્વિસ તરફથી એક પત્ર મળશે. તમને અથવા તમારા કુટુંબના કોઇ સભ્યને કયારે રસી મુકવામાં આવશે તેને લગતી માહિતી માટે કૃપા કરી તમારા જીપીનો સંપર્ક કરશો નહીં, કારણ કે તેઓ તમને એ કહી શકશે નહીં અને તમે જેમને દાક્તરી મદદની જરૂર હોય તેવા લોકોને જીપી પાસે પહોંચવામાં વિલંબ અને રૂકાવટ ઊભી કરશો.

- વધુમાં વધુ પ્રમાણનું રક્ષણ મેળવવા તમારે બે ડૉસિઝ લેવાની જરૂર રહે છે એટલે કૃપા કરી તમે બંને અપૉઇન્ટમેન્ટ્સમાં હાજરી આપો તેની ખાતરી કરશો.

- આ રસી તમને કોવીડ-૧૯થી ગંભીર રીતે બીમાર થઇ જતાં અટકાવવામાં મદદ કરે છે પણ તમે હજીયે બીજા લોકોને એનો ચેપ લગાડી શકો છો એટલે હજી પણ જે માર્ગદર્શક સલાહ છે તેને અનુસરવી ઘણું અગત્યનું છે - ખાસ કરીને માસ્ક પહેરવો (મુખોટુ પહેરવું), તમારા હાથ ધોવા અને એક બીજાથી બે મિટરનું અંતર રાખવું.

**શકય એટલા વધુ લોકોનું રસીકરણ કરવામાં આવે એ જ ફરીથી રાબેતા મુજબનું જીવન જીવવાનું શરૂ કરવા માટે આપણી શ્રેષ્ઠ આશા છે. કૃપા કરી તમને બોલાવવામાં આવે ત્યારે તમારી રસી મુકાવી લો અને આ વાયરસને ફેલાતો રોકવામાં મદદ કરો.**

આ વૅક્સિન વિષે વધુ માહિતી આ વૅબસાઇટ પરથી મેળવો www.nhs.uk/CovidVaccine